પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૩૦૩, કુલ પાના:૪, તારીખ: ૧૮-૦૮-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 303 PRICE :-RS. 1.50 DATE : 18-08-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### રાજ્ય સરકારે શાળાઓનું શૈક્ષણિક કેલેન્ડ જાહેર કર્યું

## સ્કૂલોમાં પ્રથમ અભ્યાસના ૧૧૭ દિવસ, બીજા સત્રમાં ૧૩૬ દિવસનું શૈક્ષણિક કામકાજ થશે

અમદાવાદ,

કોરોનાની બીજી લહેર શાંત થતાં જ રાજ્યમાં ૭મી જૂનથી સ્કૂલોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. ત્યારે હવે રાજયની શાળાઓનું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યની સ્કૂલોમાં પ્રથમ સત્રમાં અભ્યાસના ૧૧૭ દિવસ રહેશે. જ્યારે બીજા સત્રમાં ૧૩૬ દિવસનું શૈક્ષણિક કામકાજ થશે. સ્થાનિક રજાઓને બાદ કરતાં વર્ષ દરમિયાન ૨૪૫ દિવસનું શૈક્ષણિક કાર્ય થશે. પ્રથમ સત્ર ૩૦ ઓક્ટોબર સુધી ચાલશે. ત્યાર બાદ ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામા આવશે. જ્યારે બીજા સત્રનો પ્રારંભ ૨૨ નવેમ્બરથી થઈ શકે છે. વર્ષ દરમિયાન કુલ ૮૦ રજાઓ નક્કી કરાઈ છે. જેમાં સ્થાનિક રજા ઉપરાંત જાહેર રજા, ઉનાળું અને દિવાળી વેકેશનનો સમાવેશ થાય છે.

રાજ્યમાં ગત ૭મી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. જેમાં હાલમાં સ્કૂલોમાં પ્રથમ સત્રનું શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યું છે. પ્રથમ સત્રમાં અભ્યાસના ૧૧૭ દિવસો રહેશે. જેમાં જૂનમાં ૨૦, જુલાઈના ૨૬, ઓગસ્ટના ૨૩, સપ્ટેમ્બરના ૨૫ અને ઓક્ટોબરના ૨૩ દિવસોનો સમાવેશ થાય છે.બીજા સત્રની શરૂઆત ૨૨ નવેમ્બરથી થઈ શકે છે. જેમાં અભ્યાસના ૧૩૬ દિવસ રહેશે. નવેમ્બરના ૮, ડિસેમ્બરના ૨૬, જાન્યુઆરીના ૨૪, ફેબ્રુઆરીના ૨૪, માર્ચના ૨૫, એપ્રિલના ૨૩ અને મે ના ૬ દિવસ મળીને કુલ ૧૩૬ દિવસનું શૈક્ષણિક કાર્ય થશે. આમ પ્રથમ અને બીજા સત્રના મળીને કુલ ૨૫૩ દિવસનુ સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય થશે. જેમાં આઠ દિવસની સ્થાનિક રજાઓને બાદ કરતાં અભ્યાસના ૨૪૫ દિવસો બાકી રહેશે.

૭મી મેના રોજ બીજુ સત્ર પૂર્ણ થયા બાદ ૯મી મેથી ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવશે. ૩૫ દિવસનું ઉનાળું વેકેશન ૧૩ જૂન સુધી ચાલશે. રાજ્યમાં કોરોનાની સ્થિતિને લઈને આ કેલેન્ડરમાં ફેરફારો થઈ શકે છે. હાલમાં માત્ર સંભવિત તારીખ જાહેર કરવામાં આવી છે. સ્કૂલોમાં સ્થાનિક રજાઓ ઉપરાંત ૨૧ દિવસનું દિવાળી વેકેશન અને ૩૫ દિવસનું ઉનાળું વેકેશન રહેશે. જ્યારે ૧૬ જાહેર રજાઓ વર્ષ દરમિયાન આવશે. સમગ્ર વર્ષ દરમિયાન કુલ રજાઓ ૮૦ દિવસની રહેશે. નિયમ મુજબ વર્ષ દરમિયાન ૮૦થી વધુ રજાઓ થવી જોઈએ નહીં. જેથી આ મુજબનું માળખું નક્કી કરવામાં આવ્યું છે.

## પેગાસસ કેસ: સુપ્રીમે કેન્દ્ર સરકારને ફટકારી નોટિસ, ૧૦ દિવસમાં માગ્યો જવાબ



ન્યુ દિલ્હી,

પેગાસસ કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. કેન્દ્ર સરકારને નોટિસનો જવાબ ૧૦ દિવસમાં આપવો પડશે. પેગાસસ જાસૂસી કેસમાં, સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી હાથ કરી હતી, જે દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, "ગઈકાલે કેન્દ્ર સરકાર તરફથી દાખલ કરાયેલ સોગંદનામું પૂરતું છે. પેગાસસ કેસમાં સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી તમામ અરજીઓ જાણવા માગે છે કે સરકારે પેગાસસનો ઉપયોગ કર્યો છે કે નહીં. પરંતુ સામાન્ય રીતે સરકાર આવા સોફ્ટવેરનો ઉપયોગ કરતી નથી અને તે સુપ્રીમ કોર્ટથી કંઈ છુપાવતી નથી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ મામલાની તપાસ માટે સરકાર દ્વારા જવાબદાર નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી રહી છે. સાથે જ તેમણે કોર્ટને એવી પણ વિનંતી કરી કે મીડિયા રિપોર્ટના આધારે આ મુદ્દે દાખલ કરવામાં આવેલી આવી અરજીઓને વધુ સનસનાટીભરી ન બનાવવી જોઈએ.

બીજી બાજુ, તુષાર મહેતાના શબ્દોના જવાબમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે અરજીઓની માંગ પર નથી જઈ રહ્યા. અમે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દામાં પણ જતા નથી. અહીં મુદ્દો એ છે કે શું પેગાસસનો વ્યક્તિગત ઉપયોગ થયો છે. અમે તમારા ઈરાદા પર શંકા નથી કરતા. અમે આ મામલે તમને નોટિસ આપી રહ્યા છીએ અને સરકાર અને સંબંધિત એજન્સીએ આ અંગે જવાબ આપવો જોઈએ.

તુષારે કહ્યું કે ઘણા દેશોમાં આવા સોફ્ટવેરનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષા માટે થાય છે. કોર્ટે નિષ્ણાતોની સમિતિનો અહેવાલ જોવો જોઈએ. તે પછી તમે જે ઈચ્છો તે નિર્ણય લો. સોલિસિટર જનરલે કહ્યું કે સરકાર એક સમિતિ બનાવી રહી છે, સમિતિએ પોતાનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવો જોઈએ. સીજેઆઈએ કહ્યું કે અમે આ મામલે નોટિસ આપવાનું વિચારી રહ્યા છીએ, પછી અમે નક્કી કરીશું કે સમિતિ બનાવવી કે બીજું કંઈક કરવું, જો તમારે કંઈક કરવું હોય તો તમે કરી શકો, અમે તમારી સમિતિની વિરુદ્ધમાં નથી.

## રાજ્ય સરકારે કોરોનાના ખર્ચને પહોંચી વળવાની જવાબદારી કલેક્ટરોના શિરે નાંખી

ગાંધીનગર,

કોરોનાની સંભવિત ત્રીજી લહેરની સામે રાજ્ય સરકારે અનેક તૈયારીઓ કરી દીધી છે. ત્યારે રાજ્ય સરકારે કોરોનાની એક મોટી જવાબદારી જિલ્લા કલેક્ટોને આપી છે. કોરોના મહામારીના નિયંત્રણ અને સારવારની વ્યવસ્થા પાછળ થતા ખર્ચને પહોંચી વળવા રાજ્ય સરકારે જિલ્લાના ખર્ચની જવાબદારી જે તે જિલ્લા કલેક્ટરોને આપી દીધી છે. દાતાઓ, ખાનગી કંપનીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી ફંડ મેળવીને જરૂરિયાત મુજબની વ્યવસ્થા માટે દરેક જિલ્લામાં સીએસઆર ફંડની રચના કરવાના આદેશ કરાયો છે. ફંડ માટે અલગથી બેંક એકાઉન્ટ ખોલાવવા તથા તેમાંથી કામ કરવાની પરવાનગી આપવામાં આવી છે. દાતાઓ પાસેથી ફંડ મેળવવાની જવાબદારી પણ જે તે જિલ્લા કલેક્ટરોને સોંપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, જિલ્લા કક્ષાની સમિતિમાં કલેક્ટર અધ્યક્ષ, ડીડીઓ સહ અધ્યક્ષ જ્યારે જિલ્લા આયોજન અધિકારી, તિજોરી અધિકારી, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સભ્ય તરીકે અને નિવાસી અધિક કલેક્ટર સભ્ય સચિવ તરીકે રહેશે.

ઉદ્યોગ વિભાગે કરેલા ઠરાવ મુજબ, કોરોનાની મહામારી, કુદરતી આફત કે આકસ્મિક મુશ્કેલીના સમયે ઊભી થતી કામગીરીને પહોંચી વળવા સીએસઆર ફંડની રચના કરવામાં આવી છે. કલેક્ટરની અધ્યક્ષતા હેઠળ જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરોને આ હેતુ માટે, એક અલગ સીએસઆર ફંડ ઊભું કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ ફંડ માટે અલગથી બેંકમાં ખાતું ખોલાવવા અને તેમાંથી કામગીરી કરવાની પરવાનગી આપવામાં આવી છે. જનસેવા કેન્દ્રો ખાતે યુઝર ચાર્જીસની આવકના ભંડોળમાંથી સેવા વિષયક ખર્ચ કરવા રચાયેલી જિલ્લા ઈ-સેવા સોસાયટીને સીએસઆર અમલીકરણની કામગીરી કરવા માટે રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

## ગુજરાત સરકાર આપશે ડ્રોન ઉડાવવાની તાલીમ, ટૂંક જ સમયમાં શરુ થશે કોર્સ

ગાંધીનગર,

અનમેન્ડ એરિયલ વ્હીકલ ઈન્ડસ્ટ્રીમાં કારકિર્દી બનાવવા માંગતા લોકોને માર્ગદર્શન અને કૌશલ્ય પૂરું પાડવાના હેતુસર ગુજરાત સરકાર ટૂંક જ સમયમાં ડ્રોન સંચાલનની તાલીમ આપવાની શરુઆત કરી શકે છે. મહત્વના સૂત્રો દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, ડ્રોનના ઉપયોગની શૈક્ષણિક અને રિમોટ પાઈલટ ટ્રેનિંગ આપવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ, ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ અને બ્લ્યુ રે એવિએશન લિમિટેડ વચ્ચે ત્રિપક્ષી કરાર થવાની સંભાવના છે.

સૂત્રોએ જણાવ્યું કે, આ કોર્સ ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ કોર્સ હશે. વધુમાં જણાવાવમાં આવ્યું કે- રાજ્યના શિક્ષણ વિભાગ, પ્લ્ઢજ્ક્ષ્ અને બ્લુ રે એવિએશન દરમિયાન તાજેતરમાં એક મુલાકાત ગોઠવાઈ હતી. આ તાલીમ માટે એમઓયુ તૈયાર કરવામાં આવ્યુ હતું અને ટૂંક જ સમયમાં તેના પર અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ડ્રોનના સંચાલન માટે તાલીમ આપતો એક કોર્સ પૂરો પાડવામાં આવશે અને પાઈલટની ફીલ્ડ ટ્રેનિંગની જવાબદારી બ્લુ રે એવિએશન દ્વારા લેવામાં આવશે. નોંધનીય છે કો સોમવારના રોજ મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન અને ડિરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા દેશભરની ૧૦ સંસ્થાઓને યુએએસ નિયમો, ૨૦૨૧માં છૂટ આપવામાં આવી છે, જેમાં બ્લૂ રે એવિએશન લિમિટેડનો પણ સમાવેશ થાય છે. આ છૂટ એક વર્ષ માટે આપવામાં આવી છે. રાજ્યના સિવિલ એવિએશન ડિપાર્ટમેન્ટના પ્રમુખ અજય ચૌહણ જણાવે છે કે, ડ્રોન તાલીમ માટેની સંસ્થાઓમાં બ્લૂ રે એવિએશન પ્રથમ ક્રમાંકે છે માટે પ્લ્ઢજ્ક્ષ્ના ગુજરાતમાં ડ્રોનની તાલીમ પૂરી પાડવાના પ્રયાસો ટૂંક જ સમયમાં સફળ સાબિત થશે. આ તાલીમની મદદથી ગુજરાતના યુવાનોને પ્રોત્સાહન મળશે અને ખેતી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખનન વગેરે ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી શકાશે.

## સુરતમાં GIAના બોગસ સર્ટિફિકેટ પર નકલી હીરા વેચવાનું કૌભાંડ, વેપારી ઝડપાયો

સુરત,

સુરત શહેરના મહિધરપુરા વિસ્તારમાં આવેલા હિરા બજારમાંથી જીઆઈએના બોગસ સર્ટિફિકેટના આધારે હીરા વેચવાનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં એક વેપારીની ધરપકડ કરીને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, જીઆઈએ (જીમોલૉજિકલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ અમેરિકા)ના સર્ટિફિકેટ સાથે નકલી હીરા વેચવાનું રેકેટ ચલાવતા વેપારીની ધરપકડ કરવામાં આવી છે. આ વેપારીની ઓળખ ધર્મેશ તરીકે થઈ છે. હાલ પોલીસે વેપારી પાસેથી જીઆઈએના ૨૪ ડુપ્લિકેટ સર્ટિફિકેટ અને લેશર મશીન સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રેકોર્ડ: ૨૪ કલાકમાં ૮૮ લાખથી વધુ લોકોને રસી વેક્સિન અપાઈ

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના તાજા આંકડાએ મોટી રાહત આપી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૫,૧૬૬ દર્દીઓ નોંધાયા છે. નવા કેસનો આ આંકડો છેલ્લા ૧૫૪ દિવસમાં સૌથી ઓછો જોવા મળ્યો છે. છેલ્લા ૫૦ દિવસથી સતત ૫૦ હજારથી ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. એક્ટિવ કેસ ઘટીને ૩,૬૯,૮૪૬ થયા છે. જે ૧૪૬ દિવસમાં સૌથી ઓછા છે. કોવિડ-૧૯નો રિકવરી દર ૯૭.૫૧ ટકા થયો છે.

જે નવા કેસ નોંધાયા છે તેમાંથી સૌથી વધુ કેસ કેરળના છે જ્યાં ૧૨૨૯૪ નવા દર્દીઓ નોંધાયા છે. દેશમાં એક દિવસમાં કુલ ૪૩૭ લોકોના કોરોનાથી મોત થયા જેમાંથી કેરળમાં ૧૪૨ દર્દીઓએ દમ તોડ્યો. મહારાષ્ટ્રમાં ૧૦૦ દર્દીઓના મોત થયા. દેશમાં કોવિડ-૧૯થી મૃત્યુદર લગભગ ૧.૩૪ ટકા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સવારે કહ્યું કે રાજ્યોને અત્યાર સુધીમાં રસીના ૫૬.૮૧ કરોડ ડોઝ અપલબ્ધ કરાવવામાં આવેલા છે. જેમાંથી સવા બે કરોડથી વધુ ડોઝ હજુ પણ રાજ્યો તથા ખાનગી હોસ્પિટલો પાસે ઉપલબ્ધ છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટ કરીને એક વિશેષ ઉપલબ્ધની વાત કરી. ભારતે એક જ દિવસમાં ૮૮.૧૩ લાખ લોકોને કોરોના રસીના ડોઝ આપવાનો રેકોર્ડ બનાવ્યો છે.

૧૬ ઓગસ્ટે ૩૨,૯૩૭ નવા કેસ નોંધાયા હતા જ્યારે એક દિવસમાં ૪૧૭ લોકોના મોત થયા હતા. તે અગાઉ ૧૫ ઓગસ્ટે ૩૬,૦૮૩ નવા કેસ અને ૪૯૩ મૃત્યુ, ૧૪ ઓગસ્ટના રોજ ૩૮,૬૬૭ નવા કેસ, ૪૭૮ મૃત્યુ, ૧૩ ઓગસ્ટે ૪૦,૧૨૦ નવા કેસ અને ૫૮૫ લોકોના મૃત્યુ, જ્યારે ૧૨ ઓગસ્ટના રોજ ૪૧,૧૯૫ નવા દર્દીઓ અને ૪૯૦ લોકોના કોરોનાના કારણે મોત થયા હતા.

માર્ચ ૨૦૨૦ બાદ કોરોનાથી રિકવર થવાનો દર દેશમાં સૌથી વધુ છે અને તે ૯૭.૫૧ ટકા સુધી પહોંચી ગયો છે. સાપ્તાહિક સંક્રમણ દરની વાત કરીએ તો તે ૧.૯૮ ટકા છે કે જે સતત ૫૩ દિવસથી ૩ ટકાથી નીચે છે. રોજ સંક્રમણ દર પણ ૧.૬૧ ટકા છે કે જે સતત ૨૨ દિવસથી ૩ ટકાથી ઓછો છે. દેશમાં કોરોના ટેસ્ટીંગની વાત કરીએ તો અત્યાર સુધી કુલ ૪૯.૬૬ કરોડના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં અપાયેલી ૮૮.૧૩ લાખ રસી બાદ હવે દેશમાં ૫૫.૪૭ કરોડ લોકોને વેક્સિન અપાઈ ચૂકી છે. જેમાંથી ૪૩.૧૨ કરોડ લોકોને પ્રથમ ડોઝ અપાયો છે અને ૧૨.૩૫ કરોડ લોકોને બન્ને ડોઝ લાગી ચૂક્યાં છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, દેશભરમાં અત્યાર સુધી ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં ૫.૯૮ કરોડ લોકોને રસી અપાઈ ચૂકી છે. જે બાદ બીજા નંબરે મહારાષ્ટ્ર છે, જ્યાં ૫ કરોડથી વધુ લોકોને વેક્સિન અપાઈ છે. ત્રીજા નંબર પર ગુજરાત છે, જ્યાં ૪.૦૭ કરોડ લોકોને રસી આપવામાં આવી છે. ૩.૮૪ કરોડ સાથે મધ્યપ્રદેશ ચોથા સ્થાને અને પાંચમા ક્રમે ૩.૮૦ કરોડ લોકો સાથે રાજસ્થાન છે.

## નોટબંધી, GST અને કૃષિ કાયદા અર્થતંત્રને નબળુ પાડવા બનાવાયા: રાહુલ ગાંધી



વાયનાડ,

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું છે કે કેન્દ્ર સરકારે પહેલા નોટબંધી, પછી જીએસટી અને હવે કૃષિ કાયદા લાવીને ભારતીય અર્થતંત્રની કમર તોડી નાખી છે. તેમણે કહ્યું કે આ ત્રણ કાયદાઓ અર્થતંત્રના અનૌપચારિક ક્ષેત્રને નબળા બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે અને સરકારે તે આયોજન પુર્વક કર્યુ છે. જેની અસર એ થઈ છે કે દેશ યુવાનોને રોજગારી આપવા સક્ષમ નથી. કોંગ્રેસના નેતાએ કેરળના તિરુવંબડીમાં એક કાર્યક્રમમાં આ વાત કરી હતી. નવા કૃષિ કાયદાઓ અને દેશભરમાં ખેડૂતોના વિરોધ અંગે રાહુલે કહ્યું કે,ખેતી આપણા ઈતિહાસ, સંસ્કૃતિ અને વારસાનો ભાગ છે. તેમાં નવી વસ્તુઓ આવવી જોઈએ પરંતુ તે કરવાની એક રીત છે. ખેડૂતોની પેદાશો ખરીદવાની એક વ્યવસ્થા છે અને તે સિસ્ટમમાં કેટલીક ખામીઓ છે, જેને સુધારવી જોઈએ પરંતુ સરકાર તેનો નાશ કરી રહી છે. સરકાર મંડીઓનો નાશ કરી રહી છે. જેની સીધી અસર માત્ર ખેડૂતો પર જ નહીં પરંતુ દેશના મધ્યમ વર્ગ પર અને દેશની સામાજિક અને આર્થિક સ્થિરતા પર પડશે. કૃષિ કાયદાઓ સામે દેશભરમાં વિરોધ ચાલી રહ્યો છે. હું તેના પ્રદર્શનને સંપૂર્ણપણે સમજું છું. આ કૃષિ કાયદા ભારતીય કૃષિ ક્ષેત્રની કરોડરજ્જુને તોડશે. આપણું કૃષિ ક્ષેત્ર ખેડૂતોને બદલે ૨-૩ મોટા ઉદ્યોગપતિઓના હાથમાં જશે. કેરળના વાયનાડથી સાંસદ રાહુલ ગાંધી સોમવારે રાજ્યના ત્રણ દિવસના પ્રવાસ પર તેમના સંસદીય મતવિસ્તાર પહોંચ્યા છે. અહીંથી તે ઘણી યોજનાઓ શરૂ કરી રહ્યા છે. સોમવારે રાહુલે વાયનાડની મનંતવાડીમાં ગાંધી પાર્કમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. રાહુલ ગાંધીએ અહીં કહ્યું કે મહાત્મા ગાંધીની સૌથી શક્તિશાળી બાબત એ હતી કે તેમણે જે પણ કહ્યું તે તેમણે અમલમાં મૂક્યું.

## ભારતે અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ e-Emergency X-Misc Visa શરૂ કર્યા

ન્યુ દિલ્હી,

અફઘાનિસ્તાનમાં વર્તમાન સ્થિતિને જોતા ત્યાંથી ભારત આવવાની ઈચ્છા રાખનારા અફઘાન નાગરિકોની અરજીઓ પર જલદી નિર્ણય માટે વિઝાની નવી શ્રેણીની મંગળવારના ગૃહમંત્રાલયે જાહેરાત કરી છે. અફઘાનિસ્તાનાં તાલિબાનના સત્તા પર કબજો જમાવ્યાના ૨ દિવસ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. ગૃહમંત્રાલયના એક પ્રવક્તાએ કહ્યું કે, ગૃહમંત્રાલયે અફઘાનિસ્તાનમાં વર્તમાન સ્થિતિને જોતા વિઝા જોગવાઈઓની સમીક્ષા કરી છે.

ભારતમાં પ્રવેશ માટે વિઝા અરજીઓ પર જલદી નિર્ણય લેવા માટે ઈ-ઈમરજન્સી અને અન્ય વિઝાની નવી શ્રેણી બનાવવામાં આવી છે. હજારો અફઘાન નાગરિકો સોમવારના કાબુલના એરપોર્ટ પર ઉમટી પડ્યા. આમાંથી કેટલાક તાલિબાનથી બચીને ભાગવા માટે સેનાના એક વિમાન પર ચઢી ગયા. અમેરિકન અધિકારીઓએ જણાવ્યું કે, અંધાધૂંધીની સ્થિતિમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા હતા. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ તમામ દેશો પોત-પોતાના દેશોને ત્યાંથી સુરક્ષિત નીકાળવામાં લાગ્યા છે.

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ તમામ દેશ પોત-પોતાના નાગરિકોને ત્યાંથી સુરક્ષિત નીકાળવામાં લાગ્યા છે. અફઘાનિસ્તાનમાં અનેક ભારતીયો ફસાયેલા છે. જો કે સરકાર તરફથી આ લોકોની સંખ્યા વિશે જણાવવામાં આવ્યું નથી. ભારતીય વાયુસેનાના ૨ વિમાનો કાબુલથી ભારતીય દૂતાવાસના તમામ કર્મચારી, રાજદૂત અને લોકોને પરત લાવી રહ્યા છે.

## ભારત અફઘાનિસ્તાનમાં પોતાના અધૂરા પ્રોજેક્ટ પૂરા કરે: તાલિબાન



કાબૂલ,

અફઘાનિસ્તાનમાં તાલિબાનોનુ શાસન સ્થપાઈ ચુકયુ છે અને બીજી તરફ ભારતના અબજો ડોલરના પ્રોજેકટ અફઘાનિસ્તાનમાં અધવચ્ચે છે.

આ સંજોગોમાં તાલિબાને કહ્યુ છે કે, ભારતે અફઘાનિસ્તાનમાં પોતાના અધૂરા પ્રોજેક્ટ પૂરા કરવા જોઈએ.એક અંદાજ પ્રમાણે ભારતે અફઘાનિસ્તાનમાં ત્રણ અબજ ડોલરની યોજનાઓમાં રોકાણ કરેલુ છે.

પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં તાલિબાન નેતાએ કહ્યુ હતુ કે, અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ બીજા દેશો સામે કરવા નહીં દેવાય.તાલિબાન પ્રવકતા સુહૈલ શાહીને કહ્યુ હતુ કે, ભારત અફઘાનિસ્તાનમાં પોતાની અધૂરી યોજનાઓને પૂરી કરી શકે છે.

ટીવી ચેનલના એક્રરના સવાલના જવાબમાં તાલિબને કહ્યુ હતુ કે, અમે પહેલા પણ કહી ચુકયા છે કે, અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કોઈ પણ દેશને બીજા દેશ સામે કરવા માટે પરવાનગી નહીં અપાય. બીજુ કે જો ભારતે અહીંયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પર કામ ચાલુ કર્યુ છે અને તે અધૂરા છે તો તે પૂરા કરે, કારણકે તે જનતા માટે છે.

આ પહેલા ભારતીય ન્યૂઝ ચેનલ સાથેના ઈન્ટરવ્યૂમાં પણ તાલિબાને કહ્યુ હતુ કે, અમે ભારત અને પાકિસ્તાન વચ્ચેની હરિફાઈનો ભાગ બનવા નથી માંગતા. અમે અફઘાનિસ્તાનની આઝાદી માટે લડી રહ્યા છે અને ચાલીસ વર્ષથી અમારી જેહાદ ચાલી રહી છે.

## રાંધણ ગેસ સિલિન્ડના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો ઝીંકાયો

ન્યુ દિલ્હી,

રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ફરીથી એક વાર વધારો કરવામાં આવ્યો છે. આ વખતે ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા આઠ મહિનામાં રાંધણ ગેસ સિલિન્ડર ૧૬૮ રૂપિયા મોંઘુ થઈ ચૂક્યુ છે. કૉમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તમને જણાવી દઈએ કે સોમવારે જ નાણામંત્રી સીતારમણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાનો ઈનકાર કરી દીધો હતો અને તેના બીજા જ દિવસે રાંધણ ગેસના ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે.

નોંધનીય છે કે અત્યાર સુધી ૧૪.૨૦ કિલોગ્રામના સિલિન્ડરના ભાવ ૮૩૮.૫૦ રૂપિયા હતાજે ૨૫ રૂપિયાના વધારા બાદ ૮૬૩.૫૦ રૂપિયા થઈ ગયા છે. આ વર્ષે જાન્યુઆરીમાં સિલિન્ડરની કિંમત ૭૦૭ રૂપિયા આસપાસ હતી જે આઠ મહિનામાં વધીને ૮૬૩.૫૦ રૂપિયા થઈ ગઈ છે. નવા દર મંગળવાર એટલે કે આજથી લાગુ થશે. એક ઓગસ્ટે જ કૉમર્શિયલ સિલિન્ડર પર ૭૨.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. હજુ સુધી કેટલી સબસિડી ખાતામાં પહોંચશે એ નક્કી નથી. ૧૯ કિગ્રાવાળા કૉમર્શિયલ ગેસ સિલિન્ડ ૧૬૪૪.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હશે.

ઉલ્લેખનીય છે કે એક વર્ષમાં પ્રત્યેક ગેસ કનેક્શન માટે ૧૪.૨ કિલોગ્રામના ૧૨ સિલિન્ડરો પર સરકાર સબસિડી આપે છે. ગ્રાહકોએ દરેક સિલિન્ડરની કિંમત ચૂકાવવાની હોય છે. બાદમાં સબસિડીના પૈસા ખાતામાં પાછા આવી જાય છે. જો ગ્રાહક આનાથી વધુ સિલિન્ડર લેવા માંગે તો તેણે બજાર કિંમતે ખરીદવા પડે છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી બાંડીબાર સેવા સહકારી શાખા (મોટીબાર)

મુ. બજાર ફળીયું, તા. લીમખેડા



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



દલસીંગભાઇ મુનજીભાઇ ગોદીયા

મુ. કાળીયારાઇ દુકાન ફળીયું, તા. લીમખેડા

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## "ટેસ્ટ-ટ્રેક અને ટ્રીટમેન્ટ"ના સૂત્રને સાર્થક કરતું મહીસાગર જિલ્લાનું આરોગ્ય તંત્ર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

વિશ્વ વ્યાપી કોરોના મહામારીને રાજયમાં કાબૂમાં લેવામાં રાજય સરકાર દ્વારા જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. આ માટે રાજય સરકાર દ્વારા ખાસ કરીને નાગરિકોની આરોગ્ય સુખાકારી અને કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ સૂત્ર અપનાવી આ રોગના દર્દીઓને શોધી સમયસર સારવાર આપવામાં આવી રહી છે.

રાજયમાં હાલ કેસોમાં ઘટાડો જોવા મળતાં રાજય સરકાર દ્વારા તબક્કાવાર શાળા/કોલેજો શરૂ કરવામાં આવી રહી છે. આ શાળાઓ/કોલેજો શરૂ કરવામાં આવતાં પહેલાં સરકારની ગાઇડલાઇનનું ચૂસ્તપણે પાલન થાય તે પણ તેટલું જ જરૂરી છે.

આ માટે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની નિગરાની હેઠળ જિલ્લામાં વિદ્યાર્થીઓમાં કોવિડ-૧૯નું સંક્રમણ વધે નહીં તે માટે ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટના સૂત્રને મહીસાગર જિલ્લાનું આરોગ્ય તંત્ર સાર્થક કરી રહ્યું છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાલ આ સૂત્ર અનુસાર જિલ્લાના તમામ તાલુકાઓની શાળાઓમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓમાં કોવિડ-૧૯નું સંક્રમણ ન ફેલાય તે માટે દરરોજ ૯૫થી વધુ આર.ટી.પી.સી.આર. અને ૨૫ થી વધુ રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા હોવાનું જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, મહીસાગર જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ સૂત્રને અપનાવવામાં આવી રહેલ કામગીરીને છેલ્લા ૫૭ દિવસથી મહીસાગર જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાવા પામ્યો નથી જેના કારણે જિલ્લો ૫૭ દિવસથી કોરોનામુકત રહ્યો છે. આમ, આરોગ્ય વિભાગની સઘન કામગીરીથી જયારે જિલ્લો કોરોનામુકત રહ્યો છે ત્યારે જિલ્લાના હજુ જે નાગરિકોએ વેકસિન નથી મુકાવી તેવા નાગરિકોને વેકસિન મૂકાવી દઇ જિલ્લાને વેકસિનયુકત બનાવવા જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## લુણાવાડા હાઈવે પર આવેલ શો-રૂમની જમીન શ્રીસરકાર કરવા જિલ્લા કલેકટરનો હુકમ કરાતા ફફડાટ

લુણાવાડા,

લુણાવાડાના ભાયસર ગામે મારૂતિ સુઝુકી કારના શો-રૂમની માટેની જગ્યા રહેઠાણને બદલે વાણિજય હેતુથી ઉપયોગમાં લેતા જિલ્લા કલેકટર મહિસાગર દ્વારા શ્રી સરકાર કરવા હુકમ કરતા અન્ય માલિકોમાં ફફડાટ થવા પામ્યો છે.

મહિસાગર જિલ્લામાં ભાયસર ગામ પાસે મારૂતિ સુઝુકી શો-રૂમ કંપનીએ રહેણાંક માટે જમીનની પરમીશન લઈ વાણિજય હેતુ માટે શો-રૂમ બનાવવામાં આવ્યો હતો. સામાન્ય રીતે વાણિજય હેતુની કામગીરી માટે રોડની મધ્યસ્થ રેખાથી ૭૫ મીટર છોડીને બાંધકામ કર્યુ હતુ. હુકમનો આથી નિયંત્રણ રેખાનો ભંગ થયો હતો. આ ઉપરાંત આ જગ્યાના રહેણાંક હેતુથી લેઆઉટ પ્લાન અને નકશા મંજુર કરાવ્યા હતા અને કોમન પ્લોટમાં બાંધકામ કર્યુ હતુ. તે માટે કોઈ પરમીશન લીધી ન હતી. આ અંગે મહિસાગર જિલ્લા કલેકટર મનીષકુમાર દ્વારા તેમને છેલ્લા ચાર વર્ષથી રેખા નિયંત્રણ ધારા મુજબ બાંધકામ કરવા નોટિસ આપી હતી છતાં કોઈ કાર્યવાહી નહિ થતાં જિલ્લા કલેકટરે આ જગ્યા શ્રી સરકાર કરવા હુકમ કર્યો છે.

## મહીસાગર જિલ્લાના લુણાવાડામાં અતિ પ્રાચીન મહાદેવ મંદિર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલું એક માત્ર અખાડા સ્થિત આશરે ૫૦૦ થી ૬૦૦ વર્ષ જૂનું અતિ પ્રાચીન મહાદેવ મંદિર એટલે કેદારેશ્વર મહાદેવ જે આજે પણ લુણાવાડા નગરના ઈતિહાસની ઝાંખી અપાવે છે. અને તે સમયના શિવાલયો અને દીવાલ પર કંડારેલા ચિત્રો શિવની મહિમા પ્રગટ કરે છે.

દાંતકથા અનુસાર સિદ્ધપૂર પાટણની પાસે દેવદરવાર ગામ હતું. ત્યાં એક મંદિર હતું અને તે મંદીરમાં ભગવાનને પ્રસાદ રૂપી ભોગ ધારવતો અને તે પ્રસાદી મનોહર નાથજી મહારાજ ગ્રહણ કરતાં એક દિવસ પ્રસાદીમાં મોડુ થતાં તે પ્રસાદ મંદીરમાં મનોહર નાથજી મહારાજ માગતાં તેઓને એવું કહેવામાં આવ્યું કે પ્રસાદ ખાવો હોય તો પોતાનું મંદીર બનાવી દો ત્યારે તેજ ક્ષણે મનોહર નાથજી મહારાજ પાટણથી અહી લુણાવાડાના ડુંગર પર આવી તપસ્યા કરી અને તેમની તપસ્યામાં એટલી સિદ્ધિ હતી કે જંગલમાં રહેતો વાઘ મનોહર નાથજી મહારાજ માટે કળશમાં પાણી લઈને આવતો તેનું ચિત્ર આજે પણ દીવાલો પર અંકિત છે. ત્યારે મનોહર નાથજી મહારાજની પ્રેરણા થી રાજવી પરિવાર દ્વારા રાજગાદી મહીસાગર નદી કાંઠે આવેલ પટ્ટણ થી ખસેડીને લુણાવાડાની સ્થાપના કરવામાં આવી. જે ઈ.સ. ૧૪૩૪ ના વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ)ના શુભ દિને કરવામાં આવી અને ત્યાર બાદ મનોહર નાથજી મહારાજ માટે પણ અખાડો સ્થાપ્યો અને તેમની ગાદી પણ સ્થાપવામાં આવી અને અખાડામાં પણ સ્વયંભુ ત્રિપુણવાળા શિવલિંગની સ્થાપના કરવામાં આવી.

જે આજે કેદારેશ્વર મહાદેવના નામે ઓડખાય છે. ત્યારે મનોહર નાથજી મહારાજની ખ્યાતિ ખૂબ પ્રસિદ્ધ હતી. અખાડામાં અખંડ ધૂણી, ધર્મધજ, ગાગા જળીયો કૂવો, અને સિદ્ધ ભેરવ મંદિર આવેલું છે. જે કૂવામાં નાથજી મહારાજ ડૂબકી લગાવતા અને કાશી નિકડતા અને જ્યારે ઘી ન હોય ત્યારે કૂવા પાસે ઘી માંગી આવેલા સંતોને માલપુવા પીરસતા તેમજ આંજે પણ નાથજી મહારાજ દ્વારા કરવામાં આવતી પંચપુજા યથાવત છે અને તે નિત્ય કરવામાં આવે છે તેમજ લુણાવાડાના રાજવી પરિવારના ગાદીપતિ આજે પણ દશેરાએ જવરા પુજા કરવા માટે આવે છે અને તેમની પણ ગાદી અહી બિરાજમાન છે ત્યારે વર્ષોથી ચાલતી પરપરા આજે પણ યથાવત છે. મંદીરમાં જે સ્થાનક છે તેની નીચે ધૂણી છે અને તે ધૂણી આજે પણ અંદર પ્રજ્વલિત છે અને તેના દ્વારા વર્ષમાં બે વખત એક શિવરાત્રિ અને જન્માષ્ટમી ના દિવસે તેને ખોલવામાં આવે છે. ત્યારે અહી આજે પણ ભગવાન ને ભોગ ચડ્યા પછી દૂર દૂર થી આવતા સાધુ સંતો માટે પ્રસાદી આપવામાં આવે છે. જે પરંપરા મનોહર નાથજી મહારાજ થી ચાલતી આવેલી છે.

મનોહર નાથજી મહારાજની ગાદી પણ અખાડામાં સ્થિત છે. ત્યારે આજે પણ ત્યાં કંડારેલા ચિત્રો આજે પણ તેમના ચમત્કારોની સાક્ષી છે. ત્યારે અહી શ્રાવણ માસે ભકતો પોતાની આસ્થા સાથે દૂધ, બિલી, ફૂલ જળ અર્પણ કરવા આવે છે અને દેવા થી દેવ મહાદેવ સર્વ ભકતોની મનોકામના પૂર્ણ કરે છે ત્યારે શ્રાવણમાં મંદિરો હર હર મહાદેવથી ગુંજી ઊઠે છે.

## અમદાવાદ સિવિલમાં દોઢ મહિનામાં ૫ હજારથી વધુ બાળકોએ સારવાર લીધી

અમદાવાદ,

અમદાવાદ શહેર તથા ગુજરાતમાં હવે કોરોના કેસમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં કોવિડની સારવાર કરતી અનેક મોટી હોસ્પિટલોમાં હવે અન્ય બીમારીની સારવાર પણ શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કોરોના બાદ હવે ઓપીડીમાં દર્દીઓની સંખ્યામાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. સિવિલ હોસ્પિટલના ઓપીડીમાં બાળકોની પણ લાઈનો જોવા મળી રહી છે.

અત્યારે ચોમાસાની સીઝન ચાલી રહી છે, પરંતુ વરસાદ ન થતાં ગરમીનો પણ અનુભવ થવા લાગ્યો છે. અમદાવાદ શહેરમાં મચ્છર અને પાણી જગન્ય રોગોની સંખ્યા વધી રહી છે. જેથી હવે હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. છેલ્લા દોઢ મહિનામાં અમદાવાદની સિવિલ હોસ્પિટલની બાળકોની ઓપીડીમાં ૫ હજાર કરતા વધુ બાળકો સારવાર માટે આવ્યા છે.

અમદાવાદ સિવિલમાં આવેલી ઓપીડીમાં જુલાઈ મહિનામાં ૨૯૦૦ બાળકોએ સારવાર લીધી જેમાંથી ૧,૦૩૭ બાળકોને દાખલ કરવાની ફરજ પડી હતી. ચાલુ મહિનામાં ૧૬ ઓગસ્ટ સુધીમાં ૧૯૦૦ જેટલા બાળકો ઓપીડીમાં સારવાર માટે નોંધાયા, જેમાંથી ૬૩૬ બાળકોને દાખલ કરવાની ફરજ પડી છે. જુલાઈ મહિના કરતા ઓગસ્ટ મહિનામાં બીમાર પડી રહેલા બાળકોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રીન્ટેડન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું કે અત્યારે પાણી અને મચ્છરજન્ય રોગોથી બાળકોને બચાવવાની જરૂર છે. ઘરમાં પાણીનો સંગ્રહ ના થાય, આપણે ચોખ્ખાઈ રાખીએ તે જરૂરી બન્યું છે. બાળકોને બિનજરૂરી બહાર મોકલવાનું ટાળવું જરૂરી છે, બાળકને પુરી સ્લીવના કપડાં પહેરાવવા જોઈએ. જે બાળકો છેલ્લા બે મહિનામાં બીમાર થયા છે એમનામાં સામાન્ય રીતે શરદી, ખાંસી, તાવ, ઉધરસ, ઝાડા-ઉલ્ટી, હિપેટાઈટિસ અને કમળાનું સમસ્યા જોવા મળી રહી છે.

## ગેરકાયદેસર બાયોડીઝલ: ભાવનગરમાં ગેરકાયદે ધમધમતા બાયોડીઝલના ૫ પંપ સિલ

ભાવનગર,

ભાવનગર શહેર-જિલ્લામાં વિના પાસ પરમિટે ધમધમતા બાયોડીઝલ વેચાણના પંપ પર તંત્રએ તવાઈ બોલાવતા ગેરકાયદે બાયોડીઝલનો વેપલો કરતાં શખ્સોમા ખળભળાટ મચી જવા પામ્યો છે. ગઈ કાલે રાત્રે શરૂ કરવામાં આવેલી કાર્યવાહી હજું પણ શરૂ હોવાનું અધિકારીઓ એ જણાવ્યું છે. જેમાં ૫ પંપ સીલ કરાયા હતા અને ૧ પંપ સિઝર કરવામાં આવ્યો હતો.

દેશમાં સરકાર-ઓઈલ કંપનીઓ દ્વારા વાહનોમાં વપરાતાં ઈંધણોના ભાવોમાં અસહ્ય વધારો કરાતાં રાજયમાં રેગ્યુલર ડીઝલ જેવું જ ફ્યુઅલ "બાયોડીઝલ"નું ઉત્પાદન,વેચાણમાં મોટો ઉછાળો આવ્યો છે. આ ફ્યુઅલની દરરોજ વધતી જતી માંગને પગલે ઠેર ઠેર બિલાડીના ટોપ માફક બાયોડીઝલના પંપના હાટડાઓ શરૂ થયા છે.

રાજય સરકારે પણ આ બાયોડીઝલના ઉત્પાદન-વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે, કારણકે આ ડીઝલના ઉપયોગથી પારાવાર પ્રદૂષણ ફેલાય છે અને વાહનોના એન્જિનને પણ નુકશાન પહોંચે છે. આમ છતાં આ સસ્તાં ઈંધણનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ તથા વેચાણ થઈ રહ્યું છે, જેને પગલે શહેર, ગ્રામ્ય મામલતદાર તથા પુરવઠા વિભાગની ટીમો દ્વારા બાયોડીઝલના ગેરકાયદે ચાલતા એકમો સિલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુર જૈન મંદિર ખાતે પારસનાથ ભગવાનનો નિર્વાણ મહોત્સવ અને સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આચાર્ય ૧૦૮ ચંદ્ર સાગરજી ગુરૂદેવનું ચાતુર્માસ આદિનાથ દિગંબર જૈન મંદિર સંતરામપુર ખાતે ઉજવાઈ રહ્યું છે. જે અંતર્ગત તારીખ ૧૫મી ઓગસ્ટના રોજ પારસનાથ ભગવાનનો નિર્વાણ મહોત્સવ અને ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે પ્રસંગે જૈન મંદિર સંતરામપુર ખાતે સવારે પાર્શ્વનાથ ભગવાનની ૧૦૮ કલસ દ્વારા શાંતિ ધારા કરવામાં આવી હતી અને ૨૩ માં તીર્થકર હોવાથી ૨૩ કિલોનો નિર્વાણ લાડુ ચડાવવામાં આવ્યો હતો તથા બરાબર ૯:૦૦ કલાકે રાષ્ટ્રગાન કરવામાં આવેલું ગુરૂદેવ દ્વારા તેમના ઉદબોધનમાં કહ્યું કે, પારસનાથ ભગવાન એ અનેક ઉપસર્ગ સહન કરીને પોતાના જીવનનો ઉદ્ધાર કરી મોક્ષ પ્રાપ્ત કર્યું હતું તો આપણે મનુષ્ય જીવનમાં ગમે તેવી કઠિનાઈઓ આવે તો પણ તેનો સામનો કરી ધર્મના માર્ગ પર આગળ વધી આપણા જીવનને સદગતિ થાય તેવા ધર્મના માર્ગે આગળ વધવું જોઈએ આગળ તેમને સ્વતંત્રતા દિવસ ઉપર બોલતા કહ્યું કે ભારત દેશ જૂની સંસ્કૃતિ પર આધારિત છે. જયાં સંતો અને ઋષિમુનીઓ દેશ હતો અને તેના પર જ આપણી સંસ્કૃતિ ટકેલી છે. ત્યારે આજે વિકાસના નામે સંસ્કૃતિનું પતન થઈ રહ્યું છે અને ભારતનું યુવાધન વિદેશો તરફ આકર્ષિત થઈ વિદેશ થતું રહે છે અને સ્થાનિક લોકો પણ વિદેશી વસ્તુઓનો મોહ રાખે છે. ત્યારે આપણો દેશ સ્વતંત્રતા માત્ર નામ રૂપે જ ભોગવી રહ્યું હોય એવું લાગે છે અને આપણે પરતંત્ર હોઈએ એવો અનુભવ થાય છે માટે જ આપણે આપણા દેશ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ આ પ્રસંગે ગુરૂદેવે કહ્યું કે ભારતને ફરીથી સોને કી ચીડિયા બનાવવાની જરૂર છે. પારસનાથ નિર્વાણ મહોત્સવ પ્રસંગે તીર્થરાજ સમ્મેદ શિખરજીનું મોડલ પણ બનાવવામાં આવ્યું હતું તથા પ્રશ્નોત્તરીનો પણ આયોજન કરવામાં આવેલું હતું જેમાં જૈન સમાજના લોકોએ ખુબ મોટી સંખ્યામાં ભાગ લઈ તેને સફળ બનાવ્યું હતું. આ પ્રસંગે રાજસ્થાન મધ્યપ્રદેશ સુરત હિંમતનગર અને થઈ ગઈ દાહોદના ગુરૂભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## બાલાસિનોરના રાજપુર સાકરિયાથી કોતર બોરને જોડતો ૧૧ કિ.મી.ના રસ્તાનું ખાતામુર્હુત કરતા લોકોમાં આનંદ

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના રાજપુર સાકરીયા ક્રોતર બોરને જોડતો રસ્તો ખખડધજ થયો હતો. અને આ રસ્તા પરથી અવર જવર કરતા પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. જેની રજુઆત કરતા આ રસ્તો અંદાજિત ૬ કરોડના ખર્ચે ૧૧ કિમીના રસ્તાનુ ખાતામુર્હુત બાલાસિનોરના પુર્વ ધારાસભ્ય અને દાહોદ જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ પાઠકના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે પુર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠકે ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ ૧૫મી ઓગસ્ટના સ્વતંત્ર પર્વની શુભેચ્છાઓ પાઠવી બાલાસિનોર તાલુકામાં થયેલા અનેક વિવિધ વિકાસના કાર્યોની રૂપરેખા આપતા જણાવ્યુ કે છેવાડાના ગામ સુધી જન સુખાકારી માટે સુવિધા ઉપ્લબ્ધ કરવા રાજય સરકાર કટિબદ્ધ છે. ખાતામુર્હુત અને લોકાર્પણ કરવાનો મુળ ઉદ્દેશ ક્યા ક્રો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે તેની સૌને જાણકારી મળે તે છે. પ્રજાને પડતી મુશ્કેલીઓનુ નિવારણ થાય તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે. આ પ્રસંગે રાજપુર સાકરીયા ઉત્તરના અગ્રણિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં ૯૨ ટકા ખરીફ પાકનું વાવેતર: મગફળીનું ૧૯ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ



ગાંધીનગર,

ગુજરાતમાં ચોમાસાની સીઝનમાં હજુ જરૂર પ્રમાણે વરસાદ પડ્યો નથી. આ વર્ષે રાજ્યભરમાં હજુ વરસાદની ઘટ છે. ખેડૂતો વાવણી કર્યા બાદ હવે વરસાદની રાહ જોઈ રહ્યાં છે. જો વરસાદ સમયસર નહીં આવે તો ખેડૂતોએ મોટા નુકસાનનો સામનો કરવો પડી શકે છે. હવે રાજ્ય સરકાર દ્વારા ખરીફ વાવેતરનો ડેટા જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર પ્રમાણે રાજ્યભરમાં ઓછો વરસાદ છતાં કરીફ વાવેતર પૂર્ણતાના આરે છે.

રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે અત્યાર સુધી રાજ્યમાં ૯૨ ટકા ખરીફ પાકનું વાવેતર થઈ ગયું છે. રાજ્યમાં ચોમાસાની સીઝનમાં મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, ડાંગર સહિત અનેક પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આ વર્ષે મગફળીનું વાવેતર ૧૯ લાખ હેક્ટરમાં થયું છે.

કપાસનું વાવેતર ૨૨.૪૮ લાખ હેક્ટરમાં થયું છે. એટલે કે અત્યાર સુધી કપાસનું વાવેતર ૮૮ ટકા થયું છે. તો રાજ્યમાં ૨.૨૩ લાખ હેક્ટરમાં સોયાબીનનું વાવેતર થયું છે. ટકાવારી પ્રમાણે જોઈએ તો રાજ્યમાં ૧૭૩ ટકા સોયાબીનનું વાવેતર થયું છે. આ સિવાય તુવેરનું ૨.૨૩ લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. ટકાવારી પ્રમાણે રાજ્યમાં ૯૬ ટકા તુવેરનું વાવેતર થયું છે. રાજ્યમાં ૭.૮૯ લાખ હેક્ટરમાં ડાંગરનું વાવેતર થયું છે. એટલે કે અત્યાર સુધી ૯૪ ટકા ડાંગરનું વાવેતર થયું છે. આ સિવાય લીલા શાકભાજીનું વાવેતર ૨.૩૫ લાખ હેક્ટરમાં થયું છે.

આ સિવાય વાત કરવામાં આવે તો રાજ્યમાં ૧.૭૧ લાખ હેક્ટરમાં બાજરાનું વાવેતર થયું છે. તો ૩૬ હજાર હેક્ટરમાં જુવારનું વાવેતર કરવામાં આવ્યું છે. ૧૫ હજારથી વધુ હેક્ટરમાં અન્ય અનાજનું વાવેતર રાજ્યમાં થયું છે. ૫૦ હજારથી વધુ હેક્ટરમાં રાજ્યમાં તમાકુનું વાવેતર કરવામાં આવ્યું છે.

## અફઘાનિસ્તાનમાંથી ભારતીયોને લઈને નીકળેલું એરફોર્સનું વિમાન જામનગર પહોંચ્યું



જામનગર,

ભારતીય નાગરિકોની સુરક્ષા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશા ચિંતિત અને તત્પર હોય છે. વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા પણ પ્રધાનમંત્રી માટે ભારતમાં વસતા નાગરિકો જેટલી જ અગ્રતા ધરાવતી હોય છે. આજરોજ અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોને એલિફન્ટ કરી પ્લેન જામનગર એરફોર્સ બેઝ પર ૧૧.૧૫ કલાક આસપાસ પહોંચ્યું હતું. અફઘાનિસ્તાનમાં રહેલા ભારતીય નાગરિકોને તાલિબાનથી સુરક્ષિત રાખવા વતન પરત લાવવા પ્રધાનમંત્રીએ તત્કાલ ભારતીય વાયુસેનાનું પ્લેન મોકલી ત્યાં વસતા ભારતીય નાગરિકોને એરલિફટ કરાવી વતન પરત લાવવાની વ્યવસ્થા કરી હતી.

જેમાં ગઈકાલે એક હેલિકોપ્ટર દિલ્હી ખાતે પહોંચ્યું હતું, સાથે જ આજે એરફોર્સના વિમાન સી.-૧૭ દ્વારા મોટી સંખ્યામાં અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોને સુરક્ષિત ભારત પરત લાવવામાં આવ્યા છે. જામનગર ખાતે આ વિમાન પહોંચતા અફઘાનિસ્તાનથી પરત આવેલ નાગરિકોની આંખોમાં હર્ષાશ્રુ ઉમટ્યા હતા, સુરક્ષિત વતન પર પહોંચતા જ ભારતીયોને હાશકારો થયો હતો. પ્રધાનમંત્રીએ સતત મોનીટરીંગ કરીને આ સમગ્ર મિશન ઉપર સ્વયં દેખરેખ રાખી હતી. જામનગર ખાતે પહોંચેલા અધિકાંશ લોકો અફઘાનિસ્તાન સ્થિત ભારતની સરકારી કચેરીઓના કર્મચારીઓ અને સરકારના વિવિધ પ્રોજેકટ્સમાં કામ કરનારા કર્મીઓ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાના પ્રથમ તબક્કામાં પણ વિદેશોમાં વસતા ભારતીય નાગરિકોને એરલિફટ કરી સુરક્ષિત ભારત લાવવામાં આવ્યા હતા તેમજ હાલ અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ અરાજકતા સર્જતા ભારતીય નાગરિકોને કોઈ તકલીફ ન રહે તે માટે તત્કાલ પ્રધાનમંત્રીએ ભારતીય નાગરિકોની સુરક્ષા હેતુ ભારતીયોને એરલિફટ કરવા મિશન મોડમાં કામગીરી હાથ ધરી હતી. જેમાં આજરોજ આશરે ૧૫૦ થી વધુ ભારતીય નાગરિકો સુરક્ષિત વતન પરત ફર્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૧૮-૦૮-૨૦૨૧, બુધવાર, શ્રાવણ સુદ-૧૧, સૂર્યોદય-૫-૫૧, સૂર્યાસ્ત-૬-૫૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

- શુભ ચોઘડીયા -

૬-૨૬ થી લાભ-અમૃત-૯-૩૮ સુધી, ૧૧-૧૪ થી શુભ ૧૨-૫૧ સુધી, ૧૬-૦૩ થી ચલ-લાભ-૧૯-૧૫ સુધી, ૨૦-૩૯ થી શુભ-અમૃત-ચલ

- શુભ હોરા-

૬-૨૬ થી ૮-૩૪ સુધી,૯-૩૮ થી ૧૦-૪૨ સુધી,૧૨-૫૧ થી ૧૬-૦૩ સુધી, ૧૭-૦૭ થી ૧૮-૧૧ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૮.૦૮.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.

વૃષભ(બ.વ.ઉ.):- ધ્યાન રાહત લાવશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.

મિથુન(ક.છ.ઘ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

કર્ક(ડ.હ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે.

સિંહ(મ.ટ.):- સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

કન્યા(પ.ઠ.ણ.):- કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.

તુલા(ર.ત.):- મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો-જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

મકર(ખ.જ.):- અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

કુંભ(ગ.શ.સ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

મીન(દ.ચ.ઝ.):- આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ ફતેપુરા તાલુકાના સાગડાપાડામાં

# અર્ધનગ્ન હાલતમાં મહિલાને લાકડીના ફટકા મારી અપશબ્દો બોલી માર મરાતો હોવાનો વિડીયો વાયરલ

ફતેપુરા,

દાહોદ જિલ્લામાં વધતા જતા મહિલા અત્યાચારના બનાવો ઉપર રોક લગાવવા સરકાર દ્વારા વિવિધ પ્રકારે કામગીરી કરવામાં આવી રહી છે. અને હાલ થોડા સમય અગાઉ તમામ ગામોમાં મહિલા સમિતિઓની રચના કરવા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.તેમ છતાં મહિલા અત્યાચારના બનાવો વધતા જઈ રહ્યા છે.જિલ્લામાં કેટલાક લોકો કાયદા અને નિયમોની અવગણના કરી કાયદા હાથમાં લઈ રહ્યા છે.તેમ છતાં કેટલાક કિસ્સાઓમાં મહિલા અત્યાચારના બનાવમાં સંડોવાયેલા તત્વો કોઈક પ્રકારે કાયદાકિય કાર્યવાહીમાં રાખવામાં આવેલી છટકબારી માંથી છટકી જતા હોય મહિલા અત્યાચાર ઉપર રોક લાવવા કાયદાના હાથ પણ ટુંકા પડી જતા હોય છે.જેથી મહિલા અત્યાચારમાં સંડોવાયેલા તત્વો બેફામ બનતા જાય છે.તેવો જ મહિલા અત્યાચાર નો કિસ્સો ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામે બનવા પામેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ સોમવારના રોજ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં સાગડાપાડા ગામના ખૂંટા ફળીયામાં રહેતા મલીબેન મખલા ભાઈ વળવાઈ પોતાના મકાનના આંગણામાં બેઠા હતા. તેવા





તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

સમયે કુટુંબી દિયર દિતાભાઈ સકુડાભાઈ વળવાઈ તથા કુટુંબી ભત્રીજો પંકજ ભાઈ છગનભાઈ વળવાઈ હાથમાં લાકડી તથા પારૂભાઈ મકાભાઈ વળવાઈ તેમજ કુટુંબી દિયર રમણભાઈ જેતાભાઈ વળવાઈ નાઓ આવી મલીબેનને મા–બેન સમાણી બિભીત્સ ગાળો આપી જણાવતા હતા કે,ભાભોર કુટુંબના માણસો સાથે આપણે લડાઈ ઝગડો ચાલે છે,તો તું કેમ ભાભોર કુટુંબના બૈરાં–માણસો સાથે બોલાચાલીનો વ્યવહાર રાખે છે? તેમ કહી દિતાભાઈ વળવાઈએ લાત મારી હાથમાંની લાકડી મલીબેનના થાપા ઉપર ઉપર મારેલ.જ્યારે પંકજ વળવાઈએ મલીબેનના માથામાં લાકડીનો ફટકો મારતા ચામડી ફાટી લોહી નીકળી ગયેલ.અને આ ચાર માણસોએ મલીબેનને તેમના ઘર આગળથી ઘસડી ભાભોર લોકોના ઘર આગળ મૂકી દેવાની છે.તેમ કરી રોડ ઉપર ભાભોર લોકોના મકાનો આગળ છોડી દેતાં તે જ સમયે સવિતાબેન વીરસીંગભાઈ ભાભોરનાઓ આવી ગયેલ.અને તમો માર મારીને મલીબેન ને મારા ઘર આગળ કેમ મૂકી જાવ છો? તેમ કહેતા આચાર વ્યક્તિઓએ સવિતાબેનને પણ મા–બેન સમાણી ગાળો બોલી જણાવતા હતા કે,હવે પછી તું ભાભોરોનાં ઘરો તરફ ગઈ તો તને જીવતી છોડીશુ નહીં તેમ ધમકી આપી જતા રહેલા હતા.આમ વળવાઈ તથા ભાભોર પરિવાર વચ્ચે જમીન સંબંધે ચાલતા વિવાદમાં વળવાઈ પરિવારની મહિલા ભાભોર પરિવારની મહિલાઓ સાથે બોલાચાલીનો સબંધ રાખતી હોવાના ની અદાવતે વળવાઈ પરિવારનાજ લોકોએ વળવાઈ પરિવારની મહિલાને જાહેરમાં માર મારતો વિડીયો વાઈરલ થતાં પોલીસ એક્શનમાં આવી હતી અને ગણતરીના સમયમાં ચાર આરોપીઓની વિરુદ્ધમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ઉપરોક્ત બાબતે અત્યાચારનો ભોગ બનેલ મલીબેન મખલાભાઈ વળવાઈએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા દિતાભાઈ સકુડાભાઈ, પંકજભાઈ છગનભાઈ, પારૂભાઈ મકાભાઈ તથા રમણભાઈ જેતાભાઇ તમામ વળવાઈ રહે. સાગડાપાડા ખુંટાફળિયાનાઓની વિરૂધ્ધમાં સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે કાયદેસરનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# દાહોદમાં લાંબા વિરામ બાદ મેઘરાજાની એન્ટ્રી સાર્વત્રિક વરસાદ

દાહોદ,

લાંબા વિરામ બાદ દાહોદ શહેર સહિત જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયા છે. માત્ર એક કલાકના ધોધમાર વરસાદને પગલે અંદાજે અઢી ઇંચ જેટલો વરસાદ દાહોદ શહેરમાં ખાબકી પડયો છે ત્યારે બીજી તરફ ઠેરઠેર વરસાદી પાણીના સામ્રાજ્ય સાથે જાહેર રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે. નીચાણવાળા વિસ્તારોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ઘરોમાં પાણી ઘુસી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેર સહિત જિલ્લાના ખેડૂત મિત્રોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. લગભગ ૧૫ દિવસ પહેલા વસેલ વરસાદ બાદ સતત પંદર દિવસ સુધી મેઘરાજાએ દર્શન ન દેતાં જિલ્લાના ખેડૂતો મિત્રોમાં ચિંતાના વાદળો છવાયા હતા પરંતુ આજરોજ અચાનક વાતાવરણમાં પલટો આવતા અને સાંજના ૫:૦૦ વાગ્યા બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે દાહોદ શહેર સહિત જિલ્લામાં વરસાદી પાણી છવાઈ ગયા હતા. દાહોદ શહેરની વાત કરીએ તો દાહોદ શહેરમાં વીજળીના કડાકા ધડાકા સાથે અને પવનના ભારે સુસવાટા સાથે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયા હતા બીજી તરફ મેઘરાજાની પધરામણી સાથે જ દાહોદ શહેરમાં ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતા દાહોદ શહેરવાસીઓમાં આક્રોશની લાગણી પણ વ્યાપી જવા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પામી હતી કારણ કે, દર વખતે વરસાદના માહોલ વચ્ચે વીજ પુરવઠો ખોરવાતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આજના ધમાકેદાર મેઘરાજાની પધરામણીને પગલે નીચાણવાળા વિસ્તારો તેમજ ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તાર ખાતે તેમજ ચાકલિયા રોડ, ગોવિંદ નગર , ઈન્દોર હાઈવે રોડ જેવા વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. હાલ જ્યારે દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત કામકાજ ચાલી રહ્યું છે ત્યારે રસ્તાઓ પર જ્યાં જુઓ ત્યાં ખાડો ખોદી દેવામાં આવ્યા છે. આ ખાડાઓ પણ વરસાદી પાણીથી ભરાઇ જતાં ઠેરઠેર કીચડ કાદવનું સામ્રાજ્ય સર્જાઈ જવા પામ્યું છે જેને પગલે વાહનચાલકો તેમજ રાહદારીઓને અવર–જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે બીજી તરફ સાંજના સમયે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે ઓફિસ, દુકાનદાર જેવા નોકરિયાત તેમજ ધંધાદારી વ્યક્તિઓને સમયસર ઘરે પહોંચવામાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો પરંતુ લાંબા સમય બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી અને છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી તેમજ બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા દાહોદ શહેર વાસીઓએ ઠંડકનો અનુભવ કર્યો હતો. આજના વરસાદના પગલે સર્વત્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

# લીમખેડાના દાભડા પ્રા.શાળામાં રાષ્ટ્રધ્વજ બીજા દિવસે બપોર સુધી ફરકતો રહ્યો : રાષ્ટ્રધ્વજના અપમાન બાબતે શિક્ષકો સામે રોષ

લીમખેડા,

દાભડા ગામની તળાવ ફળિયા પ્રા.શાળામાં ૭૫માં સ્વતંત્ર્ય પર્વની ઉજવણી બાદ શાળાના જવાબદાર શિક્ષકો દ્વારા રાષ્ટ્રધ્વજને સાંજે સુર્યાસ્ત પહેલા માન સન્માન સાથે ઉતારવામાં ભારે બેદરકારી દાખવવામાં આવી છે. રાષ્ટ્રધ્વજ બીજા દિવસે બપોર સુધી ફરકતો રહેતા તિરંગાનુ ઘોર અપમાન કરવામાં આવ્યુ છે. રાષ્ટ્રધ્વજનુ અપમાન કરનારા જવાબદાર શિક્ષકો વિરુદ્ધ દાભડાના ગ્રામજનોમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી છે.



લીમખેડા તાલુકાના દાભડા ગામના તળાવ ફળિયા વિસ્તારમાં શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ–૧૯૯૮માં ધો–૧ થી ૫ સુધીની પ્રા.શાળાની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં શાળામાં આચાર્ય વીણાબેન પટેલ સહિત કુલ ૪ શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે. ૧૫મી ઓગસ્ટના રોજ દેશભરમાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ભારે ઉજવણી અને ઉત્સાહથી કરવામાં આવી હતી. જેમાં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દાભડા ગામની તળાવ ફળિયા પ્રા.શાળામાં પણ ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના સ્ટાફ પરિવાર સાથે ફળિયાના આગેવાનો તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદનનો કાર્યક્રમ પુર્ણ થયા બાદ ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ પોતાના ઘરે પરત ફર્યા હતા. જયારે શાળાના જવાબદાર શિક્ષકો રાષ્ટ્રધ્વજ ફરકતો છોડી શાળાને તાળુ મારી પોતાના ઘરે પલાયન થયા હતા. સાંજે સુર્યાસ્ત પહેલા રાષ્ટ્રધ્વજને માન સન્માન સાથે ઉતારવાનો હોવાની ફરજ પ્રત્યે શાળાના જવાબદાર શિક્ષકોએ ઘોર બેદરકારી દાખવી હતી. જેના કારણે રાષ્ટ્રધ્વજ બીજા દિવસે બપોર સુધી ફરકતો રહ્યો હતો. બનાવની જાણ જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓને થતાં તેઓને તાત્કાલિક ફરમાનથી શાળાના સી.આર.સી.તથા આસિસ્ટન્ટ શિક્ષક દાભડા તળાવ ફળિયા પ્રા.શાળા મુકામે સોમવારે બપોરે બે વાગ્યે દોડી આવ્યા હતા તેમજ રાષ્ટ્રધ્વજને સન્માનપુર્વક નીચે ઉતારવામાં આવ્યો હતો. રાષ્ટ્રધ્વજનુ ઘોર અપમાન થતાં દાભડાના ગ્રામજનો સહિત અનેક લોકોમાં જવાબદાર શિક્ષકો વિરુદ્ધ ભારે રોષ ફાટી નીકળ્યો હતો. તેમજ જવાબદાર શિક્ષકો વિરુદ્ધ કડકમાં કડક શિક્ષાત્મક પગલા ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી હતી.

# આઝાદી કા અમૃત મહોત્સવ : દાહોદ જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિકોની સહભાગીતા

દાહોદ,

સ્વતંત્ર દિવસ ની પૂર્વ સંધ્યા એ ઝાલોદ ના ભરત ટાવર પાસે એકાતમતા ચોક માઆઝાદી ના અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત સાંજે ૬–૦૦ વાગ્યે રાજ્યકક્ષા ના સ્વતંત્રતા પર્વ જૂનાગઢ થી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કોરોના વોરિયર સન્માન કાર્યક્રમ ઝાલોદ ના પ્રાંત અધિકારી ચૌધરી ની અધ્યક્ષતામા ડી વાય એસ પી જાદવ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ પાંડે અને સબ ડ્રિસ્ટ્રીક હોસ્પિટલના ડૉ કટારા, કોરોના મુક્ત અભિયાનના પ્રતિનિધિ અગ્નેશ પંચાલ, કેળવણી મંડળ પ્રમુખ દિલિપભાઈ પટેલ, ડોકટર એસોસિઅનના ડૉ. સોનલ દેસાઈ, વેપારી એસોસિઅનના મંત્રી મુકેશભાઈ અગ્રવાલ અને નગરપાલિકાના ચીફ ઓફિસર પરમારની આગેવાનીમાં નગરજનોની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ બે મિનિટ નો જાહેર શોક પાળ્યા બાદ ભારત માતા પૂજન, દેશ ભક્તિ ગીત, રજુ કર્યા બાદ મહેમાનો નું સન્માન કરીને સૌ અગ્રણી ઓએ ઝાલોદ તાલુકામાં કોરોનાની બંન્ને લહેરમા કોરોના થી સંક્રમિત દર્દીઓ અને દર્દી પરિવારની વિવિધ પ્રકારે સેવા કરી સહાયભૂત બનનાર તમામ કોરોના વોરિયર તરીકે કરેલ પ્રશંસનીય કામગિરીને દયાને લઈને પ્રાંત કચેરી ઝાલોદ તરફથી સન્માનપત્ર આપીને આરોગ્ય, પોલીસ,નગરપાલિકા ના કર્મચારીઓની સાથે સાથે કોરોનામુક્ત અભિયાન ના સૌ સ્વયંસેવકોનું, દાતાઓનું અને સહયોગ આપનાર સામાજીક અને સ્વૈછીંક સંસ્થા ઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારીએ પહેલી અને બીજી લહેરમા તો સૌના સાથ અને સહકાર થી દવાઈ ભી અને જરૂર પડ્યે કડકાઈ કરીને જેટલું બચાવી શકાય તેટલું બચાવી શકવામા કોરોના મુક્ત અભિયાન ટીમ ની કામગીરી સરાહનીય રહી હતી. સાથે સાથે સ્મશાન સેવા ના ગોપાલભાઈ દરજી ની સેવાની પ્રશસા કરી હતી, લોકો ની સહભાગીતા અને સરકારી તંત્ર ના સહયોગથી બીજી લહેર ના આપને સામનો કરી શક્યા સંભવિત ત્રીજી લહેર થી બચવાં માટે સાવચેતી ના પગલાં અને એસ ઓ પી નું પાલન સૌ કરે, બાકી લોકો વેક્સીન લઈ લે, માસ્ક પહેરી ભીડને ટાળો તેવો આગ્રહ રાખ્યો હતો અંતે ઓનલાઈન રાષ્ટ્રગાનમા સૌ જોડાયા હતા.કાર્યક્રમ નું સફળ સંચાલન અભિયાન ટીમ ના વહીવટી સચિવ રાજેશભાઈ પરમાર અને પ્રો ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. અભિયાન ટીમ દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

# દાહોદ જિલ્લામાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ભારતનાં ચૂંટણી પંચના માર્ગદર્શન મુજબ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ મુજબ તા. ૧–૧–૨૦૨૨ ની સુધારેલી મતદારયાદી તૈયાર કરવામાં આવશે અને એ માટે ગત તા. ૯ ઓગસ્ટથી આગામી તા. ૫–૧–૨૦૨૨ સુધીમાં જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે. મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત લાયકાત ધરાવતા સંભવિત મતદારોની યાદી તૈયાર કરાશે, લાયકાત ધરાવતા યુવા તેમજ મહિલા મતદારોની નોંધણી માટે સઘન અભિયાન ચલાવાશે, મલ્ટીપલ એન્ટ્રીઓ, અવસાન પામેલા મતદારો, કાયમી સ્થળાંતરીત મતદારોનાં કિસ્સામાં ફોર્મ ૭ મેળવવાની કાર્યવાહી, મતદારોની વિગતો સુધારવા ફોર્મ ૮ મેળવવું, મતદારયાદીમાં ચિન્હિત ન થયેલા હોય તેવા મતદારોની યાદી અલગથી બનાવવામાં આવશે. ચિન્હિત મતદારોની અદ્યતન યાદી બનાવવામાં આવશે. તેમજ તા. ૫–૧–૨૦૨૨ સુધીમાં મતદારોની અંતિમ સુધારેલી યાદી પસિદ્ધ કરવામાં આવશે તેમ દાહોદનાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.

# દાહોદ સ્થિત ઝાયડસ મેડીકલ કોલેજ તથા હોસ્પિટલ ખાતે સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી થઈ હતી

દાહોદ,

ઝાયડસ હોસ્પિટલ પરિસરમાં તા.૧૫ ઓગષ્ટે યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમમાં ઝાયડસના સી.ઈ.ઓ. ડો. સંજયકુમાર, ડીન. ડો સી.બી.ત્રિપાઠી, ડો. ભરત હઠીલા, મેનેજર પ્રકાશભાઈ પટેલ, સિનીયર મેનેજર હેતલબેન રાવ, એચ.આર. મેનેજર કરણ શાહ, એડમીન વિશાલ પટેલ સહિત અનેક ગણમાન્યો અને ઝાયડસના તબીબો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ધ્વજવંદન બાદ કોરોનાકાળમાં સંનિષ્ઠ સેવાકર્મ કરનાર કોરોના વોરિયર્સને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# નવજીવન સાયન્સ કોલેજમાં વિદ્યાર્થી સંઘની રચના




દાહોદ,

અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં તા.૧૩–૦૮–૨૧ને શુક્રવારના રોજ વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવી હતી. જેમાં રાઠોડ દિપીકાને જી.એસ., ક્રિષ્ના ડાભીને એલ.આર., ડામોર વિનેશભાઈને રમત ગમત મંત્રી, દલાલ ઝાબીયાને સાંસ્કૃતિક મંત્રી, ભુમીને ચર્ચા સભા મંત્રી, સોની મનસ્વીને મેગેઝીન મંત્રી, અને ઠાકોર વૈષ્ણવીને પ્રવાસન મંત્રી તરીકે તેમજ અન્ય વિદ્યાર્થીઓને વિવિધ હોદ્દા સોંપવામાં આવ્યા. તમામ સંઘના સભ્યોને કોલેજ સ્ટાફ દ્વારા ખુબ ખુબ શુભેચ્છાઓ.

# દે.બારીયા તાલુકા આરોગ્ય ઓફિસમાં મફત સારવાર માટે મુખ્યમંત્રી અમૃત વાત્સલ્ય યોજનામાં કાર્ડ બનાવનાર એજન્સી અધુરા કાર્ય કરે છે

દે.બારીયા,

મુખ્યમંત્રી અમૃત યોજના અને મુખ્યમંત્રી અૃમતમ વાત્સલ્ય યોજના ગરીબો માટે તથા મધ્યમ વર્ગના કુટુંબો માટે લાભદાયી યોજના સાબિત થવા પામી છે. ગંભીર બિમારીઓ માટે મફતમાં સારવાર કરવામાં આવતા વરદાનરૂપી છે. છેલ્લા બે માસથી મા કાર્ડ નવા બનાવવા માટે તદ્દન નવી એજન્સી જે દે.બારીયા સરકારી હોસ્પિટલમાના કંપાઉન્ડમાં ખાલી ઓનલાઈનમાં અૃમત યોજનાના કાર્ડ જે બનાવે છે. તે એજન્સી પાસે પ્રિન્ટ મશીનના હોવાના કારણે કાર્ડ તાત્કાલીક આપવામાં આવતા નથી શું ? એજન્સીના ટેન્ડરના કરારમાં રૂા.૭૦/ વસુલવાનો ઉલેખ કરાયો છે. અગાઉની એજન્સીના દ્વારા રૂા.૪૦/–માં કાર્ડ બનાવી આપવામાં આવતા હતા. હાલમાં નવી એજન્સી વધારો રૂા.૩૦/–નો ફી વસુલે છે. મામલતદાર ઓફિસમાં આધારકાર્ડ તથા ચુંટણી કાર્ડ બનાવે છે. તેઓ રૂા. ૪૦/– વસુલે છે. આ નવી એજન્સી રૂા.૭૦/– કોની મંજુરી થી વસુલે છે. તે અંગે દે.બારીયા તાલુકા આરોગ્યના લાગતા વળગતા પદના અધિકારીઓ મા કાર્ડ બનાવનાર નવી એજન્સી પાસે ખુલાસો માંગે પ્રિન્ટ મશીન ઉપલબ્ધ નથી તથા રૂા.૭૦/– કયા કરાર પ્રમાણે વસુલે છે. તેના માટે ગરીબ મધ્યમવર્ગના કુટુંબો માંગ ઉઠવા પામી છે.

# ફતેપુરાના વલુન્ડી ગામે ઘાસ મારવાની દવા છાંટવા મામલે ચાર ઈસમોને ધિંગાણું મચાવ્યું

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વલુન્ડી ગામે ખેતરમાં ઉગેલ ઘાસ મારવાની દવા છાંટવાના મામલે મહિલા સહિત ચાર જણાએ પોતાની સાથે તલવાર, લાકડીઓ લઈ દોડી આવી ત્રણ જેટલા વ્યક્તિઓને માર મારી ઝપાઝપી કરી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૧૬મી ઓગષ્ટના રોજ વલુન્ડી ગામે નિશાળ ફળિયામાં રહેતાં લાલુભાઈ અખમભાઈ બરજોડના ખેતરના શેઢા ઉપર ઉગેલ ઘાસમાં પોતાના ગામમાં રહેતા શાન્તીલાલ છગનભાઈ બરજોડ ઘાસ મારવાની દવા છાંટી દીધી હતી જેથી લાલુભાઈ તથા તેમના પરિવારજનોએ શાન્તીલાલ તથા તેમના પરિવારજનોને કહેલ કે, શેઢો આપણો સહીયારો છે, તમારે દવા છાંટવી હોય તો તમારા ભાગમાં છાંટતાં તેમ કહેતાં શાન્તીલાલ છગનભાઈ બરજોડ તેમના પરિવારજનો કાળુભાઈ ભગાભાઈ બરજોડ, પરેશભાઈ શાન્તીલાલ બરજોડ અને મંજુલાબેન શાંન્તીલાલ બરજોડનાઓ એકદમ ઉશ્કેરાયા હતાં અને પોતાની સાથે તલવાર, લાકડીઓ વિગેરે લઈ ઘસી આવી લાલુભાઈ, માનસીંગભાઈ, મીનાબેન વિગેરે સાથે ઝપાઝપી કરી માર મારી લાલુભાઈને હાથના ભાગે તથા ખભાના ભાગે તલવાર મારી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત લાલુભાઈ અખમભાઈ બરજોડે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના બાંડીબાર ગામે જાહેરમાં જુગાર રમતા ૭ જુગારીયા ઝડપ્યા

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે ખુલ્લા ખેતરમાં જાહેરમાં ગંજી પત્તા પાના વડે જુગાર રમી રહેલ ૦૭ જુગારીઓને દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી જેલ ભેગા કર્યાં છે ત્યારે પોલીસે જુગારીઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રૂપીયા ૧૮,૯૦૦ની રોકડ કબજે કરી છે. ગત તા.૧૬મી ઓગષ્ટના રોજ બાંડીબાર ગામે પાટડી ફળિયામાં આવેલ એક ખુલ્લા ખેતરમાં એક આંબાના ઝાડ નીચે ભરતકુમાર બાબુલાલ સોલંકી (રહે. બાંડીબાર), નટુભાઈ કીડીયાભાઈ મસિયા (રહે. બાંડીબાર), મસુદ ઈબ્રાહીમ સામદ (રહે. બાંડીવાડ, ઘાંચીવાડ), મુરાદ ઈબ્રાહીમ સામદ (રહે. બાંડીબાર, ઘાંચીવાડ), અરવિંદકુમાર બાબુલાલ શાહ (રહે. મોટીબાંડીબાર) ભરતભાઈ હીરાભાઈ ભરવાડ (રહે.લીમખેડા), મગનભાઈ જામુડાભાઈ લબાના (રહે. મોટીબાંડીબાર) અને વિરેન્દ્રકુમાર મગનલાલ લબાના (રહે. મોટીબાંડીબાર) આ આઠેય જણા પૈસા વડે હારજીતનો ગંજી પત્તા પાના વડે જુગાર રમી રહ્યાં હતાં. આ દરમ્યાન દાહોદ એલ.સી.બી. પોલીસે આ સ્થળે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી પરંતુ જુગારીઓને ચારેય તરફથી પોલીસે ઘેરી લઈ તમામને ઝડપી પાડ્યાં હતાં અન જુગારીઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રૂા.૧૮,૯૦૦ની રોકડ રકમ કબજે લઈ પોલીસે જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ગડોઈ ઘાટી પાસે બાઈક ચાલકને ત્રણ લુંટારૂઓએ રોકડ અને મોબાઈલની લુંટ ચલાવી

દાહોદ,

દાહોદ તાલુકાના ગડોઈ ઘાટી પાસે એક મોટરસાઈકલ ચાલકને ત્રણ જેટલા અજાણ્યા લુંટારૂઓ મોટરસાઈકલ પર આવી મોટરસાઈકલ ચાલકને ઉભો રાખી ગડદાપાટ્ટુનો માર મારી ખિસ્સામાંથી રોકડા રૂપીયા ૧૦,૦૦૦ તેમજ બે મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૧૩,૫૦૦ના મુદ્દામાલની લુંટ કરી લુંટારૂઓ નાસી જતાં પથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૧૩મી ઓગષ્ટના રોજ ગરબાડા તાલુકાના દાદુર ગામે ઝેરવાણીયા ફળિયામાં રહેતાં ફતેસિંહ રૂપસિંહ ગોહીલ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ગડોઈ ઘાટી પરથી રાત્રીના નવેક વાગ્યાના આસપાસ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક મોટરસાઈકલ પર આશેર૩૦ વર્ષીયની ઉંમર ધરાવતાં ત્રણ અજાણ્યા લુંટારૂઓ આવ્યાં હતાં અને ફતેસિંહભાઈની મોટરસાઈકલને ઓવરટેક કરી ઉભા રાખ્યાં હતાં. ફતેસિંહભાઈને ગડદાપાટ્ટુનો માર મારી તેઓના ખિસ્સામાંથી રોકડા રૂપીયા ૧૦,૦૦૦, ડ્રાઈવીંગ લાઈસન્સ, બે મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૧૩,૫૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટ ચલાવી અજાણ્યા લુંટારૂઓ નાસી જતાં આ સંબંધે લુંટનો ભોગ બનેલ ફતેસિંહ રૂપસિંહ ગોહીલે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 303

